ક્રમાંકઃચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/૦૫૨૦૨૫/ક/181738 થી 181859

રાજય ચૂંટણી આયોગ

બ્લોક નંબર-૯, ૬ ઠ્ઠો માળ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૯/૦૫/૨૦૨૫

અખબારી યાદી

**૨૪-કડી (અ.જા) વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ કડી અને જોટાણા તાલુકા તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ વિસાવદર, ભેંસાણ, જૂનાગઢ(ગ્રામ્ય) તથા અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની તમામ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોની યોજાનાર ચૂંટણીઓ હાલ પુરતી મુલતવી રાખવા બાબત**

રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્રક્રમાંક: રાચઆ-ચટણ-ગપ-૨૯(૯)-૦૫૨૦૨૫-ક/ ૧૮૧૦૮૦ થી ૧૮૧૨૮૧ તા.૨૮-૦૫-૨૦૨૫ વાળા પત્રથી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૫(૧) તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૯(૨) તથા ૭૦ મુજબ રાજ્યની કુલ ૮૩૨૬ જેટલી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણી યોજવા તારીખો નક્કી કરવામાં આવેલ છે.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના તા.૨૯-૦૫-૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૨૫ની કામગીરીમાં સંબંધિત વિધાનસભા મતવિભાગોનો તમામ સ્ટાફ ચૂંટણી કામગીરીમાં રોકાયેલ છે, જેથી ૨૪-કડી (અ.જા) વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ કડી અને જોટાણા તાલુકા તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ વિસાવદર, ભેંસાણ, જૂનાગઢ(ગ્રામ્ય) તથા અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની તમામ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોની યોજાનાર ચૂંટણીઓ હાલ પુરતી મુલતવી રાખવામાં આવે છે. આ તાલુકાઓની ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે હવે પછી નવેસરથી કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી.

(જી.સી.બ્રહ્મભટ્ટ)
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,
માહિતી નિયામકશ્રી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

૨/- રાજયના તથા જિલ્લાના સ્થાનિક અખબારો સહિત બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં જુદા-જુદા સર્વે વર્તમાનપત્રોમાં આ અખબારી યાદી વિના મૂલ્યે પ્રસિદ્ધ થાય તે જોવા તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયાને સૂચિત કરવા વિનંતી સહ.

નકલ સવિનય રવાનાઃ-

- મુખ્ય સચિવશ્રી ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, બ્લોક નં-૭, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :

- જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તમામ સર્વે ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ/કચેરીઓ/રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)આપના જિલ્લા પૂરતી જુદી અખબારી યાદી આપવા તથા આ અખબારી યાદીની વિવિધ પ્રસાર માધ્યમો દ્વારા બહોળી પ્રસિદ્ધિ થાય તે જોવા વિનંતી સહ.
- રાજય ચૂંટણી આયોગ ખાતે નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો.
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.

નકલ રવાના :-

- માન.રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.